ગાંધીનગર ખાતે લોક સેવા ટ્રસ્ટ દ્વારા વેવિશાળ પસંદગી મેળો યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

લોક સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત સમાજ સેવાના નવા આયામને પ્રોત્સાહિત કરવાના મુખ્ય ઉદ્દેશ્યથી વેવિશાળ પસંદગી મેળાનું આયોજન ગાંધીનગરના ટાઉન હોલમાં રવિવારેના રોજ સંપન્ન થયો હતો. સમારંભના અધ્યક્ષ પદે પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ, સમારંભના ઉદ્‌ઘાટક ડૉ. મનસુખભાઈ માંડવીયા (સભ્યશ્રી રાજ્યસભા) પણ હાજરી આપી હતી. તેમજ લોક સેવા ટ્રસ્ટના બીજા સભ્યો પણ હાજર રહ્યા હતા.

પેથાપુરની યુવતી લાપતા

ગાંધીનગર, તા. ૩૦

પ્રિયંકાબેન પુનમભાઈ ઈશ્વરભાઈ દવે (ઉ.વ. ૧૭) રહે. પેથાપુર દવેવાસ, તા. જિ. ગાંધીનગર તા. ૧૫મી એપ્રિલના સાંજે ૭.૦૦ કલાકે ઘરેથી કોઈને કહ્યા વગર જતી રહેલ છે. જેને ગુલાબી રંગનો પંજાબી ડ્રેસ, ડાબા ગાલે ઈજાનું નિશાન છે. પેથાપુર પોલીસ સ્ટેશને આ અંગે ફરિયાદ નોંધાયેલ છે. પેથાપુર પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. શ્રી ચંદ્રસિંહ આ કેસની તપાસ હાથ ધરેલ છે.

ચિલોડા પોલીસ સ્ટેશન ખાતે કાઈમ કોન્ફરન્સ યોજાઈ

ચિલોડા, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં સમાવિષ્ટ ચિલોડા પોલીસ સ્ટેશન ગ્રામ્ય વિસ્તાર તથા ગાંધીનગર સહિત વિસ્તારોમાં ગુનાહિત પ્રવૃત્તિ નાથવા તેમજ સતર્કતા દાખવવા ગાંધીનગરના ડેપ્યુટી એસ.પી.ના રાહબરી હેઠળ એક કાઈમ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોન્ફરન્સમાં ડીવીઝન વિસ્તારના તમામ પોલીસ મથકોના ઈન્ચાર્જ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. હાલમાં ઉનાવાની ગરમી તથા લગ્નસીઝન, વેકેશનના માહોલમાં થતી નાની-મોટી ચોરી-લૂંટના ગુનાઓ અટકાવવા માટે બેઠકમાં વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી અને બનતા ગુનાઓ અટકાવવા તથા પ્રજાને જાગૃત કરવા હાંકલ કરી હતી. બેઠકમાં ગાંધીનગર સેક્ટર-૭, ૨૧ તથા દહેગામ, રખિયાલ, ડભોડા, પેથાપુર, ચિલોડા વગેરે પોલીસ થાણાના ઈન્ચાર્જ અધિકારી ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કોઈપણ સંજોગોમાં ગુનાઓનો ગ્રાફ નીચો રહે તેવા સઘન પ્રયાસો કરવા તથા સક્રિય રસ કેળવવા અનુરોધ કર્યો હતો. બેઠકમાં ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. બી.સી. ઠક્કર, પી.એસ.આઈ. વી.જે. જાડેજા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આજે ગાંધીનગરમાં ગુજરાત ગૌરવ દિનની ઉજવણી ધામધૂમથી કરાશે

ગાંધીનગર, તા. ૩૦

રાજયના પાટનગર ગાંધીનગર ખાતે તા.૧મી મે ગુજરાત ગૌરવ દિનની ઉજવણી ધામધુમથી કરવામાં આવશે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા.૧ મે ના રોજ સાંજના ૬ થી ૭.૩૦ કલાક સુધી નગરજનો માટે ગુજરાત ગૌરવ દિન યાદગાર બની જાય તે

માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. રાતના સુમારે સમગ્ર નગરની સરકારી ઈમારતો, સેન્ટ્રલ વિસ્ટા, બેન્કોની ઈમારતો સાથે સાથે નગરની મુખ્ય ઈમારતો રોશનીથી ઝગમગી ઉઠશે. રોશનીથી નગરના માર્ગો અને ઈમારતો નયન રમણીય બની જશે. તે ઉપરાંત ધ્યાનકર્ષક આતશબાજી પણ કરવામાં આવશે.નગરનું સમગ્ર વાતાવરણ ગુજરાત ગૌરવ ગાથાનું વર્ણન કરતા કર્ણાન્ય ગીત-સંગીતથી ગુંજી ઉઠશે.

તા. ૧ મે-૧૯૬૦ ગુજરાત રાજયનો સ્થાપના દિન છે. ગુજરાત રાજયનો સ્થાપના દિન પાટનગરવાસીઓના માનસપટ પર સમગ્ર વર્ષ દરમ્યાન છવાયેલો રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતની ગરિમાને અનુરૂપ વિવિધ વિભાગ-કચેરીના થીમ આદ્યારિત અને આકર્ષક ટેબ્લો રજૂ કરવામાં આવશે. વિવિધ કલાકારો દ્વારા મંત્રમુગ્ધ કરી દે તેવા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવનાર છે. તે ઉપરાંત પોલીસ, બીએસએફ, એરફોર્સ, એનસીસી, સ્કાઉટ, સીઆરપીએફ, વન વિભાગ, ઘોડેસવાર પોલીસ, પેરા મીલીટરી ફોર્સિસની મળીને કુલ-૨૫-૩૦ પ્લાટુન્સ દ્વારા પરેડ રજૂ કરવામાં આવશે.તમામ કાર્યક્રમ નગરજનો શાંતિથી જોઈ શકે તે માટે કાર્યક્રમના સ્થળના અમુક સ્થળો પર સ્ક્રીન મુકીને લાઈવ ટેલીકાસ્ટ કરવામાં આવશે. જેથી ગમે તે ખૂણે બેઠેલો

નાગરિક તમામ કાર્યક્રમ નજીક મૂકેલા સ્ક્રીન પર નિહાળી શકશે.

આ દિવસે વિવિધ પ્લાટુન્સની પરેડ નવા સચિવાલયના ચ-માર્ગના ગેટ નંબર ૬થી શરૂ થશે. ત્યાંથી મેઈન સ્ટેજ થઇ ટાઉન હોલના રસ્તે થી ઘ-૪, ઉદ્યોગ ભવન, બેંક ઓફ બરોડાના બિલ્ડીગથી ગેટ નં-૬ આગળ સમાપ્ત થશે.

આ -સંગે સ્વૈચ્છીક -સામાજિક સંસ્થાઓ તથા યુવા-યુવતીઓ, વિદ્યાર્થીઓ સહિત સમસ્ત નગરજનો આ ઉજવણીમાં સહભાગી બને તેવું આયોજન ગોઠવવામાં આવ્યું છે.જિલ્લા વહીવટી તંત્ર તરફથી સહુ નગરજનોને આ ગુજરાત ગૌરવ દિનની ઉજવણીમાં સહભાગી બની કાર્યક્રમ માણવા હાર્દિક નિમંત્રણ છે.

ગાંધીનગર-રાજકોટ બસ સેવાનો આજથી પ્રારંભ

સવારે ૧૧.૩૦ અને સાંજે ૫.૩૦ વાગે બસ ઉપડશે, મુસાફરોનો અમદાવાદના ટ્રાફિકમાં સમય બગડશે નહીં

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરથી-રાજકોટ રૂટ પર બસ સેવા શરૂ કરવાની વર્ષો જૂની માંગણીનો હવે અંત આવ્યો છે. રાજયના સ્થાપના દિવસ તા. ૧ મે થી રાજકોટ ગાંધીનગર સીધી બસ સેવાનો પ્રારંભ થશે. સવારે ૧૧.૩૦ તેમજ સાંજે ૫.૩૦ કલાકે ગાંધીનગરથી આ બસ ઉપડશે.

ગાંધીનગર-રાજકોટ રૂટ પર ડાયરેકટ બસ સેવા શરૂ કરવા મુસાફરો દ્વારા લાંબા સમયથી પ્રબળ માંગ કરવામાં આવતી હતી. આ મામલે અગાઉ વાહન વ્યવહાર મંત્રી ઉપરાંત એસ.ટી. બોર્ડના એમ.ડી.ને પણ આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. જયારે રાજકોટ ગ્રામ્યના ધારાસભ્ય ભાનુબેન બાબરીયાએ પણ આ રૂટની બસ સેવા શરૂ કરવા માંગણી કરી હતી. સે-૪ના અગ્રણી અશ્વિન જે. જાટીયાએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું છે કે સૌરાષ્ટ્રની આર્થિક રાજધાની સમા રાજકોટ-ગાંધીનગર વચ્ચેના રૂટ પરના ટ્રાફિકને ધ્યાને લઈ રાજકોટ-ગાંધીનગર રૂટ પર સવારે અને સાંજે સીધી બસ સેવા શરૂ કરવામાં આવી છે. રાજયના સ્થાપના દિનથી પ્રારંભ થનાર આ બસ ગાંધીનગરથી અમદાવાદ શહેરમાં થઈને જશે નહીં પરંતુ ઈસ્કોન-સરખેજ બાયપાસ થઈને સીધી રાજકોટ જશે. જેના લીધે અમદાવાદના અસભ્ય ટ્રાફિકમાં મુસાફરોનો સમય બગડશે નહીં. ગાંધીનગર-રાજકોટ રૂટ પર મુસાફરોનો વિશેષ ધસારો રહે છે. જયારે આ સીધી બસ સેવા ઉપલબ્ધ થતા શહેરમાં રહેતા સૌરાષ્ટ્રના વતનીઓમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. રાજકોટથી સવારે ૬ કલાકે તેમજ ૧૦.૩૦ કલાકે ગાંધીનગર આવવા માટે બસ સેવા ઉપલબ્ધ થશે. જયારે ગાંધીનગરથી સવારે ૧૧.૩૦ અને સાંજે ૫.૩૦ વાગે રાજકોટથી બસ ઉપડશે.

શહેર ભાજપ યુવા મોરચાના હોદ્દેદારોની કરાયેલી નિમણુંક

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર ભાજપ દ્વારા આજરોજ શહેર યુવા મોરચાની રચના કરવામાં આવી છે. ભાજપના યુવા અગ્રણી અને જાણીતા વેપારી શ્રી ઉરેન પટેલની યુવા મોરચાના પ્રમુખ તરીકેની વરણી સાથે ૧૨ હોદ્દેદારોના નામની જાહેરાત કરવામાં આવી છે.

શહેર ભાજપ પ્રમુખ શ્રી રૂચિર ભટ્ટે આજે એક અખબારી યાદી દ્વારા આ યુવા મોરચાના એકમની રચનાની જાહેરાત કરી છે. જેમાં પ્રમુખ તરીકે સે. ૨૭ના યુવા અગ્રણી અને જાણીતા વેપારી શ્રી ઉરેન પટેલની નિમણુંક કરવામાં આવી છે.

ચાર ઉપપ્રમુખ, બે મહામંત્રી, પાંચ મંત્રી અને કોષાધ્યક્ષની નિમણુંક કરવામાં આવી છે. યુવા મોરચાના નવા સંગઠનમાં માત્ર એક જ મહિલાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

જે ચાર ઉપપ્રમુખોની જે નિમણુંક કરવામાં આવી છે તેમાં શ્રી જયેશ બ્રહ્મભટ્ટ, શ્રી ધવલ દવે, શ્રી પ્રણવ પટેલ, શ્રી કેતન પટેલની નિમણુંક કરવામાં આવી છે. મહામંત્રી તરીકે શ્રી વસીમ શેખ અને સત્યદિપસિંહ પરમારની નિમણુંક કરવામાં આવી છે.

મંત્રી તરીકે શ્રી પ્રિયંક ગજ્જર, શ્રીમતિ કૈલાસબેન લખવારા, શ્રી પંકજ ચૌહાણ, શ્રી કુણાલ પ્રજાપતિ અને શ્રી હસમુખ પટેલની નિમણુંક કરવામાં આવી છે. જ્યારે કોષાધ્યક્ષ તરીકે શ્રી અમીત પટેલની વરણી કરવામાં આવી છે.

ગુજરાતના સ્થાપના દિને રાજયના નાગરિકોને રાજયપાલશ્રીની શુભેચ્છાઓ

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતના રાજયપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ ગુજરાત રાજયના સ્થાપના દિવસના અવસરે રાજયના તમામ નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. તેમના શુભ સંદેશમાં રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે બહુરત્ના ગુર્જરભૂમિએ તેના મહાન સપૂત વિશ્વવંદ્ય મહાત્મા ગાંધીજી, લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ, લોકસેવક શ્રી રવિશંકર મહારાજ, શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક અને આવા અનેક મહાન પુરુષોને રાષ્ટ્રને ભેટ આપ્યા છે. તેમણે કહ્યું હતું કે ગુજરાતના શાંતિપ્રિય, ઉદ્યમી, મિલનસાર અને વિકાસશીલ નાગરિકોએ રાજયની પ્રગતિને નવી ઉંચાઈઓ સુધી પહોંચાડવાના અવિરત પ્રયાસો જારી રાખ્યા છે.

આજે ગાંધીનગર જિલ્લાના ઈન્ટુક લેબર સેલ દ્વારા લોક દરબાર યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ઈન્ટુક લેબર સેલ દ્વારા આજે તા. ૧લી મે ૨૦૧૨ને ગુજરાત રાજયના સ્થાપના દિન નિમિત્તે લેબર ઈન્સ્ટીટ્યૂટ, સેકટર-૨૪ ખાતે લોકદરબારનો કાર્યક્રમ યોજાશે.

આજે મજૂર દિનની ઉજવણીના ભાગરૂપે લેબર ઈન્સ્ટીટ્યૂટ, સેકટર-૨૪ ગાંધીનગરના કાર્યાલય ખાતે સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન લોક દરબાર યોજાશે. જેમાં જિલ્લાના ઉપપ્રમુખો, લેબર સેલના હોદ્દેદારો, સભ્યો, દહેગામ, માણસા, કલોલ, ગાંધીનગર, શહેર અને જિલ્લાના સભ્યોને હાજર રહેવા અને પોતાના પ્રશ્નોની રજૂઆત કરવા ઈન્ટુક લેબર સેલના પ્રમુખ ચતુરજી ઠાકોર દ્વારા ખાસ જણાવાયું છે.

જીપે બાઈકને ટક્કર મારતા યુવાનનું મોત : બે ને ઈજા

ગાંધીનગર, તા. ૩૦

ચિલોડા નજીક જીપે બાઈકને પાછળથી ટક્કર મારતા સર્જાયેલા અકસ્માતમાં અમદાવાદના ૨૧ વર્ષીય યુવાનનું કરૂણ મોત નિપજ્યું હતું. જયારે અન્ય બે યુવાનોને પણ ઈજાઓ થવા પામી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અમદાવાદ ખાતે સ્થિત કુબેરનગર વિસ્તારમાં રહેતો ૨૧ વર્ષીય ગીરીશ ગેલાભાઈ ચૌહાણ તેમજ મિત્ર વિશાલ સહિત ત્રણ યુવાનો ગઈકાલે તેમનું બાઈક નં. જે-૧-એન-એચ-૫૧૮ લઈને કુબેરનગરથી નરોડા જઈ રહ્યા હતા તેવા સમયે ચિલોડા પાસેથી પસાર થતા હતા ત્યારે પાછળથી પૂરપાટ આવતી જીપ નં. જીજે-૨૧-ટી-૬૮૧૭ના ચાલકે બાઈકને ટક્કર મારી હતી. બાઈકને પાછળના ભાગે ટક્કર વાગતા સર્જાયેલા અકસ્માતમાં બાઈક પર બેઠેલા ત્રણેય યુવાનો ઉછળીને રોડ સાઈડ પડ્યા હતા. ત્રણેય યુવાનોને ઈજા થવા પામી હતી. જેમાં ગિરીશને ગંભીર ઈજા થતા તેનું કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે તેના મિત્ર વિશાલ હીરાભાઈ શેઠ સહિત અન્ય એક યુવાનને પણ ઈજા થતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અંગે ડભોડા પોલીસ સ્ટેશનના જમાદાર દલપતભાઈએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દીકરી વ્હાલનો દરિયો નહીં, 'દીકરી વ્હાલનું વ્યોમ' છે !

સંબંધ સજાવે જિંદગી

દીકરી વ્હાલનો દરિયો

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com

"દીકરી વ્હાલનો દરિયો' એ કહેવત દીકરીની મહત્તાને

સીમિતપણે દેખાડે છે. હકીકતે તો 'દીકરી વ્હાલનું વ્યોમ' અથવા દીકરી 'સ્નેહનું વિશ્વ' એવી કહેવત હોય તો કદાચ દીકરીને મહત્તાને યોગ્યપણે અભિવ્યક્ત કરી શકાય એવું મારું માનવું છે. અને આ મારી અનુભવની વાણી છે. અને આ અનુભવ માત્ર મારો જ નહીં, મારાં પત્નીનો પણ છે.'

કનુભાઈ જે પંડ્યા સાબરકાંઠાના ગાબટ ગામના વતની, અમદાવાદમાં ધંધાર્થે આવ્યા અને સ્થાયી થયા. હાલ એમની વય ૮૫ વર્ષની છે. તેમનાં પત્ની સવિતાબેન પણ વયસ્ક છે. ત્રણ દીકરીઓ અને એક દીકરાનો એમનો પરિવાર. દીકરો પોતાના પરિવાર સાથે અમેરિકા સ્થાયી થયો છે.

મોટાં દીકરી અંજનાબેન ગાંધીનગર જિલ્લા પંચાયતમાં ડે. એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. એમનાથી નાનાં બહેન પારૂલબેન ગૃહિણી છે. એમનાથી નાનાં બહેન મનીષાબેન અમદાવાદ રહે છે.

એકલપંડે રહેતા માતા-પિતાને પાંચ વર્ષ પહેલાં પારૂલબેન ગાંધીનગર લઈ આવ્યા અને ત્યારથી તેમની સેવામાં રત છે. અંજનાબેન પણ આ કાર્યમાં તેમને ટેકો આપી રહ્યા છે.

સવિતાબેનના શરીરમાં કોઈ અસાધ્ય રોગ લાગુ પડતાં શરીર ઓગળીને કૃશ થઈ ગયું છે અને અશક્તિ ખૂબ રહે છે. આ કારણે તેમને સતત પથારીવશ રહેવું પડે છે અને સઘળી દૈહિક ક્રિયાઓ પણ આ જ સ્થિતિમાં કરવી પડે છે. એ હાલતમાંય માતાની સેવા પારૂલબેન હસતેમોઢે કરે છે.

થોડા સમય પહેલાં એમના પિતા કનુભાઈના ઘૂંટણનું ઑપરેશન કરાવાયું, પ્રોસ્ટેટનું ઑપરેશન કરાવાયું તથા વયને કારણે નાની-મોટી બિમારીઓ પણ આવવા લાગી. પારૂલબેને પિતાની જવાબદારીઓ પણ સહર્ષ ઝીલી લીધી.

પારૂલબેન માતા-પિતા સાથે ઘરમાં રહે અને અંજનાબેન બેન્ક, પોસ્ટ જેવાં બહારનાં કામ સંભાળે તથા રજાના દિવસે પારૂલબેનની મદદમાં પહોંચી જાય એવી વ્યવસ્થા બંને બહેનોએ આપમેળે જ ગોઠવી લીધી છે.

'મને નથી લાગતું કે આમાં હું કાંઈ બહુ મોટું કામ કરું છું. મારા જન્મદાતા માટે આટલું તો કરી જ શકું. અને હકીકતે આ તો મારા માતા-પિતાના જ સંસ્કાર છે, જેમણે મને આ શીખવ્યું છે.' પારૂલબેન બહુ નમ્રતાપૂર્વક જણાવે છે. અંજનાબેનનું કહેવું છે, 'માતા-પિતાની સેવામાં મારી ભૂમિકા તો સામાન્ય છે, પણ મોટું કામ પારૂલનું છે. આજના જમાનામાં જયારે દીકરા માતા-પિતાને વૃધ્ધાશ્રમમાં મૂકી આવે છે ત્યારે મારી બહેને જે કામ કર્યું છે એ ખરેખર માન ઉપજાવે તેવું છે. અને હા, અમારા બંનેના પતિ અને પરિવારજનોએ અમને આ કામમાં સહયોગ આપ્યો છે એ અમે જરૂર કહીશું. એમની પ્રેરણા અને પ્રોત્સાહનથી આજે અમે અમારા પરિવાર સાથે અમારા માતા-પિતાને પણ સાચવી શકીએ છીએ અને એમને આ ઉંમરે રાહતનો શ્વાસ આપી શકીએ છીએ. એમના આશીર્વાદ, તાલીમ અને સંસ્કારથી જ આજે અમે અમારી જીંદગીમાં સુખી છીએ. તો એમના માટે આટલું તો કરી જ શકીએ !'

દીકરીને વ્હાલનો દરિયો કંઈ એમ ને એમ થોડી કહેવાતી હશે !

મને નથી લાગતું કે આમાં હું કાંઈ બહુ મોટું કામ કરું છું, મારા જન્મદાતા માટે આટલું તો કરી જ શકું

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૩

સૂર્યાસ્ત : ૦૭.૦૪

તાપમાન

મહત્તમ : ૪૧.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૮ ટકા ● સાંજે ૨૦ ટકા

મનોરંજન

હિંદી પલ્સ

સ્ક્રીન-૧ : ધ એવેન્જર (હિન્દી) : ૧૦.૩૦
તેઝ : ૧.૩૦, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

સ્ક્રીન-૨ : તેઝ : ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૩૦, ૭.૪૫, ૧૦.૩૦
ધ એવેન્જર (અંગ્રેજી) : ૫.૦૦

સ્ક્રીન-૩ : તેઝ : ૧.૩૦, ૫.૦૦
ધ એવેન્જર (હિન્દી) : ૨.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
હાઉસ ફૂલ ૨ : ૧૧.૧૫

સ્ક્રીન-૪ : લાઈફ કી તો લગ ગઈ : ૧૦.૦૦, ૫.૧૫
હેટ સ્ટોરી : ૧૨.૩૦
વીકી ડોનર : ૩.૦૦
તેઝ : ૧૦.૧૫
હાઉસ ફૂલ ૨ : ૭.૩૦, ૧૦.૩૦

સિને મેક્સ

સ્ક્રીન-૧ : ધ એવેન્જર ૩-ડી(હિન્દી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ : તેઝ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

સ્ક્રીન-૩ : વીકી ડોનર : ૯.૩૦, ૧૨.૧૫, ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
હેટ સ્ટોરી : ૫.૧૫

સ્ક્રીન-૪ : હેટ સ્ટોરી : ૯.૪૫, ૧૨.૪૫
હાઉસ ફુલ ૨ : ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

સૂર્યા, વાવોલ

તેઝ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જુરાસિક આઈલેન્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

આપની આજ

- કિશોર ત્રિવેદી

મેષ : બિનજરૂરી કાર્યોથી દૂર રહેવું હિતાવહ છે. વેપારમાં ઉન્નતિ થતી જણાશે. કુટુંબનાં સભ્યોનો સાથ સહકાર મળી શકે છે. કોઈ અગત્યનું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે.

વૃષભ : વેપાર- ધંધામાં સમય પર લેવામાં આવેલ નિર્ણય લાભદાયી નીવડી શકે છે. નવા કાર્યોમાં મિત્રોના સહયોગથી નવા કાર્યોમાં સફળતા મળવાના યોગો છે.

મિથુન : આજીવિકાના ક્ષેત્રમાં પ્રગતિની સંભાવના જણાય છે. લાભની આશા પ્રબળ બનતી જણાય. રાજ્ય પક્ષના કાર્યોમાં પરિવર્તનનાં યોગ બનશે.

કર્ક : વ્યવસાયમાં પ્રગતિનો યોગ બનવાથી લાભની આશા પ્રબળ થશે. રાજ્ય પક્ષનાં કાર્યોમાં પરિવર્તનનાં યોગ બનશે. સ્નેહીજનો સાથે સંબંધોમાં મધુરતા જળવાઈ રહે.

સિંહ : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. ભૂમિ - મકાન વગેરેની ખરીદી થઈ શકે છે. વિદ્યાર્થીઓએ નવીન ભાવુકતા ત્યાગવી, નહીં તો હાનિ થઈ શકે છે.

કન્યા : જમીન સંબંધી કાર્યોમાં સંભાળીને કાર્ય કરવું. નવી યોજનાઓનો પ્રારંભ થઈ શકે છે. પોતાના પ્રયત્નોથી લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

તુલા : ભૂલ કરવાથી વિરોધી પક્ષ હાવી થઈ શકે છે. સમસ્યઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો હિતાવહ રહે. વ્યવસાયિક લાભ થઈ શકે છે. કોઈથી ભેટ મળે તેવી શક્યતાઓ છે.

વૃશ્ચિક : નોકરી- વેપાર ક્ષેત્રમાં સફળ યાત્રા થઈ શકે છે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. દેવાની ચિંતા ઓછી થતી જણાશે. કૌટુંબિકજીવનમાં વિખવાદ પેદા ન થાય તેનું ધ્યાન રાખવું.

ધન : માનસિક સંતોષ પ્રસન્નતા જળવાઈ રહેશે. સંતાનની પ્રગતિના સમાચાર મળી શકે છે. પૂર્વમાં કરેલ કાર્યોનું ફળ મળી શકે છે. વેપાર અર્થે આર્થિક સ્થિતિ સુદૃઢ બનતી જણાય. સુખદ યાત્રાનો યોગ.

મકર : સંપત્તિની ખરીદારીમાં લાભ થઈ શકે છે. નવા વિચાર અથવા યોજના પર ચર્ચા થશે. સમાજ અને રાજકારણ ખ્યાતિમાં અભિવૃદ્ધિ થઈ શકે છે.

કુંભ : માનસિક સંયમનું પાલન કરવું . વિશેષ યાત્રા કલાત્મક કાર્યોમાં લાભ પ્રાપ્તિનો થઈ શકે છે. નોકરીમાં પદ- ઉન્નતિ થઈ શકે છે.

મીન : વિશેષ લેવડ- દેવડમાં ધ્યાન રાખવું . ધાર્મિક કાર્યોમાં રુચિ, વૃદ્ધિ થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં તમે જોડાઈ શકો છો. આર્થિક ક્ષેત્રમાં ગહન શોધ વગેરેનો યોગ.

ચિરવિદાય

- સ્વ. વિશ્વનાથ દેવધારી મહંતો (ઉ.વ. ૫૫) મુ.પો. ફુલવા જિ., મુજફરપુર, બિહાર
- સ્વ. લીલાબા રતનજી સોલંકી (ઉ.વ. ૬૦) મુ.પો. મહુધરા તા. જિ. ગાંધીનગર
- સ્વ. કિરણભાઈ શંકરભાઈ દંતાણી (ઉ.વ. ૨૫) છરેડી છાપરા, સેકટર-૨૮, ગાંધીનગર
- સ્વ. પ્રવિણભાઈ ડાહ્યાભાઈ ગોહિલ (ઉ.વ. ૩૩) ૮/૧૨૭, પુષ્પક એપાર્ટમેન્ટ, સેકટર-૧૩-બી, ગાંધીનગર
- સ્વ. વિક્રમભાઈ અમરતજી મકવાણા (ઉ.વ. ૩૩) મુ.પો. બોરીયા(હરીપુરા) તા., જિ. ગાંધીનગર